# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૮ તા.૧૨-૪-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બાયસેગથી પ્રસારિત થતાં કાર્યક્રમો નિહાળવા માટે લગાવેલ DTH સેટ નવા ઉપગ્રહ પર સેટ કરવા બાબત.

સંદર્ભ :- બાયસેગ/સેટકોમ/GSAT15 /૯૦૧ તા.૬-૪-૧૬

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા બાયસેગ ખાતેથી વિશિષ્ટ શૈક્ષણિક DTH ચેનલના માધ્યમથી શિક્ષણ, કૌશલ્યવર્ધન, મહિલાસશક્તિકરણ, કમ્પ્યુટરની તાલીમ, આરોગ્ય, કૃષિ અને પશુપાલન વિભાગીય તાલીમ અને વિસ્તરણ, ડીજીટલજ્ઞાન, સ્વચ્છતા અભિયાન વગેરેને લગતા કાર્યક્રમો વિનામૂલ્યે ઘર સુધી ટીવી પર પહોંચાડવા માટે સંકલ્પકાર્યો અને આ માટે વધારે ચેનલ શરૂ કરવા જરૂરી ઉપગ્રહ સુવિધા કેન્દ્રસરકાર પાસેથી મેળવી જેનો ઉપયોગ થકી ઓકટોબર-૨૦૧૫ થી 'વંદેમાતરમ્' અંતર્ગત ૧૬ ચેનલ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે વિધિવત શરૂ કરવામાં આવી. દૂરદર્શનવાળા ઉપગ્રહ પર પ્રસારિત થાય અને કોઈપણ વધારાના ખર્ચ વગર લોકોના ઘરસુધી પહોંચી શકે તે માટે કેન્દ્રસરકારે રાજ્ય સરકારને દૂરદર્શન જે ઉપગ્રહ પર પોતાના કાર્યક્રમોનું પ્રસારણ કરે છે. તે GSAT15 ઉપગ્રહ પર ટ્રાન્સપોન્ડરની ફાળવણી કરી આપેલ છે. બાયસેગ દ્વારા આ ઉપગ્રહ પર પ્રસારણ ચાલુ કરી દેવામાં આવેલ છે. હવેથી આ ૧૬ ચેનલો દૂરદર્શનના **'DD Free Dish'** DTH પર જોઈ શકાશે. જેના પેરામીટર નીચે મુજબના છે.

| | | |
|---|---|---|
| **Satellite** | - | **GSAT 15** |
| **Location** | - | **93.5 East** |
| **LNB** | - | **Ku Band** |
| **Receive Frequency** | - | **11550 MHz** |
| **Polarization** | - | **Horizontal** |
| **Symbol Rate** | - | **29500 KSPS** |
| **FEC** | - | **3/4** |

બાયસેગ દ્વારા આ ૧૬ ચેનલનું પ્રસારણ GSAT8 અને GSAT 15 બંને ઉપગ્રહ પર તા.૩૦-૪-૧૬ સુધી કરવામાં આવનાર છે. તા.૩૦-૪-૧૬ બાદ આ કાર્યક્રમો ફક્ત GSAT 15 ઉપગ્રહ પર જ પ્રસારિત થશે.

આથી શાળાઓ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ GTH Set ને GSAT 15 ઉપગ્રહ તરફ તા.૩૦-૪-૧૬ સુધીમાં સેટ કરી લેવા જરૂરી છે. સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામ અને અન્ય શૈક્ષણિક કાર્યક્રમો અવિરત પણે નિહાળી શકાય. આ અંગે જરૂરી વધારાની માહિતી તેમજ તકનીકી માર્ગદર્શન મેળવવા માટેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૪૪૫૫ (૧૦.૩૦ થી ૧૮.૦૦ કલાક) છે તેમજ બાયસેગ ખાતેના બ્રોડકાસ્ટ ઈજનેરના નંબર નીચે મુજબ છે.

૧. શ્રી રીકેન દરજી : ૯૯૦૯૯૪૫૦૩૦
૨. શ્રી રાજેશ પટેલ : ૯૯૦૯૯૪૫૦૩૧
૩. શ્રી સંજય વઘાસીયા: ૯૯૦૯૯૪૫૦૩૨

સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામનું પ્રસારણ ઘેર જોવા માટે વાલીઓને પણ આ ચેનલ સેટ કરવા જરૂરી માહિતી આપશો.

તા. ૧૨-૪-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં.૯ તા.૧૨-૪-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે તા.૩૦-૪-૧૬ના રોજ 'ગુજરાત ગૌરવ દિન ઉજવણી' કાર્યક્રમના ભાગરૂપે તરૂણ (યુવા) સંમેલનનું આયોજન ટાગોર હૉલ, પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સંમેલનમાં મ્યુનિ. સ્કૂલ બોર્ડના ૧૦૦૦ વિદ્યાર્થીઓ અને ૩૦૦ જેટલા શિક્ષકોને ગુજરાતના ખ્યાતનામ વક્તા માન.શ્રી જય વસાવડા ઉદ્‌બોધન કરનાર છે. આ કાર્યક્રમમાં તમારી શાળામાં સામાજિક વિજ્ઞાન વિષય શીખવતા એક શિક્ષક અને ધોરણ-૮માં અભ્યાસ કરતા ૩ વિદ્યાર્થીઓને બિનચૂક રીતે તા.૩૦-૪-૧૬ના રોજ ૮-૧૫ કલાકે ટાગોર હૉલ,પાલડી ખાતે ઉપસ્થિત રહેવા જણાવવું.

આપની શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષકે ટાગોર હૉલ, પાલડી ખાતે રજીસ્ટ્રેશન કાઉન્ટર પર ત્રણ વિદ્યાર્થીઓ સહિત રૂબરૂમાં બીટવાર રાખેલ હાજરીપત્રકમાં બિનચૂક નોંધ(સહી) કરવાની રહેશે.

તા. ૧૨-૪-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- પરિપત્ર : ૫/તા.૭-૪-૧૬ ની મુદ્દા નં.૭ તરૂણ (યુવા) સંમેલનમાં મુદ્રણ દોષથી તા.૧-૫-૧૬ છપાયેલ છે. જેને સુધારી તા.૩૦-૪-૧૬ વાંચવું